અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓના વર્ગ-૪ ના
કર્મચારીઓને આપવામાં આવતા વેતનમાં ઉચ્ચક
વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અસમ-૧૦૨૦૧૩-હા.૨૯૬૩૯૩-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ~~૩-૭-૨૦૧૫~~ 8 JUL 2015

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧-૧-૨૦૦૫ ના પત્ર ક્રમાંકઃ અમશ-૧૫૨૦૦૩- ૩૩૫૬-ગ

પ્રસ્તાવનાઃ

અનુસૂચિત જાતિનો વિકાસ થાય તે હેતુસર ખાતા ધ્વારા અનેકવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. અનુસૂચિત જાતિના બાળકોના શૈક્ષણિક વિકાસને ધ્યાને રાખીને ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે આશ્રમશાળાઓ ચલાવવાની યોજના અમલમાં છે. આ યોજના અન્વયે અનુસૂચિત જાતિની ૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ કાર્યરત છે. આ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં અનુસૂચિત જાતિના બાળકોને રહેવા તથા જમવા અને ભણવાની સગવડ વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. આ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં બાળકોના ભોજનની વ્યવસ્થા માટે વર્ગ-૪ ના બિન શૈક્ષણિક કર્મચારી (રસોઇયા, રસોડા કામદાર) ની જગ્યા તથા જયાં ખેતીની જમીન હોય ત્યાં કમાઠીની જગ્યાઓ હોય છે.

અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વર્ગ-૪ ના બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યા વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના વિભાગના તા. ૧-૧-૨૦૦૫ ના પત્રથી માસિક રૂ.૧૫૦૦/- ના ફીકસ પગારથી ભરવા મંજુરી આપવામાં આવેલ હતી. આ જગ્યા પર ફરજ બજાવતા વર્ગ-૪ ના ફીકસ પગાર મેળવતા કર્મચારીઓના ફીકસ પગારમાં વધારો કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વર્ગ-૪ (રસોઇયા, રસોડા કામદાર) ની ખાલી પડેલ કે નવી ઉભી કરવામાં આવેલ જગ્યાઓ ફીકસ પગારથી ભરવા બાબતે વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના વિભાગના

તા.૧-૧-૨૦૦૫ ના ઠરાવથી માસિક રૂ.૧૫૦૦/- ના ફીકસ પગાર નકકી કરવાનુ ઠરાવવામાં આવેલ હતુ. તે જગ્યાઓ પર ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓના ફીકસ પગારમાં ઉચ્ચક (ADHOC) વધારો કરીને માસિક રૂ.૬૦૦૦/- ચૂકવવા અને સબંધિત કર્મચારીના બેંક એકાઉન્ટમાં તે બારોબાર જમા કરવા નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ પગાર વધારાનો અમલ હુકમની તારીખથી કરવાનો રહેશે.

(૨) અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વર્ગ-૪ ની જગ્યા પર ફરજ બજાવતા બિન શૈક્ષણિક કર્મચારીઓ (રસોઇયા રસોડા કામદાર, કમાઠી) ને નાણા વિભાગનો તા.૧૬-૨-૨૦૦૬ નો ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨- ૫૭-ઝ.૧ લાગુ પડશે નહીં.

(૩) અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વર્ગ-૪ ની જગ્યા પર ફરજ બજાવતા બિન શૈક્ષણિક કર્મચારીઓ (રસોઇયા, રસોડા કામદાર, કમાઠી) તેમની જગ્યાઓ પર નિયમીત નિમણુંક માટે હકકદાવો કરી શકશે નહીં કે તેના માટે નામ.કોર્ટમાં દાવો કરી શકશે નહીં.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨-૭-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે.જે.ખડિયા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી(અજાક))મારફત
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સર્વે જીલ્લા નાયબ નિયામકશ્રી /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(અજાક) નિયામકશ્રી(અજાક))મારફત
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.